RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY



# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા રાજકોટ હિરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે ઈન્ટરનેશનલ ફલાઈટ શરૂ કરવા માટે કસ્ટમ્સ અને ઈમિગ્રેશનની સુવિધા તાત્કાલીક શરૂ કરવા તેમજ રાજકોટ-દિલ્હી અને રાજકોટ-મુંબઈ માટે વધારાની સવારની રોજીંદી ફલાઈટ શરૂ કરવા કેન્દ્રીય તથા રાજયના ઉડયનમંત્રીશ્રી તથા સંસદ સભ્યશ્રી સમક્ષ રજુઆત કરવામાં આવી...

રાજકોટ હિરાસર એરપોર્ટને ઈન્ટરનેશનલ એરપોર્ટની માન્યતા મળેલ હોય તેમજ આ એરપોર્ટ ઉપર ઘણી બધી સુવિધાઓ મળી રહી છે. ત્યારે રાજકોટ સૌરાષ્ટ્રનું પાટનગર હોવાથી ટ્રાફિક પણ પુષ્કળ પ્રમાણમાં વધી રહયો છે અને વેપાર-ઉધોગો પણ ધમ ધમી રહયા છે. ત્યારે રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે ઈન્ટરનેશનેશલ ફલાઈટો શરૂ કરવા કસ્ટમ્સ અને ઈમિગ્રેશનની સુવિધા તાત્કાલીક શરૂ કરવા તેમજ રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી રાજકોટ-દુબઈ, રાજકોટ-સીંગાપુર-મલેશીયા જેવી ઈન્ટરનેશનલ ફલાઈટો શરૂ કરવી. જેથી કરીને રાજકોટ વેપાર-ઉધોગ જગત અને ટુરીઝમનું હબ હોવાથી ઘણો બધો ફાયદો થશે.

સાથો સાથ આવનારા દિવસોમાં રાજકોટ-દિલ્હી માટેની એક ફલાઈટ શરૂ થનાર છે તે સારી બાબત છે. પરંતુ રાજકોટ-સૌરાષ્ટ્રના વેપાર-ઉધોગકારો, આમ જનતા રાજકોટ-દિલ્હી અને રાજકોટ-મુંબઈ અવાર-નવાર પોતાના ધંધાર્થે તેમજ આરોગ્યલક્ષી સારવાર મેળવવા માટે મુસાફરી કરતા હોય છે અને દિનપ્રતિદિન મુસાફરોની સંખ્યા પણ વધતી જાય છે. જેથી ખુબ જ મુશ્કેલી પડી રહી છે. તેથી રાજકોટ-દિલ્હી અને રાજકોટ-મુંબઈ માટે સવારની વધારાની રોજીંદી ફલાઈટ તાત્કાલી શરૂ કરવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા કેન્દ્રીય ઉડયનમંત્રીશ્રી કિન્નજારપ્પુ રામમોહન નાઈડુજી. રાજયકક્ષાના મંત્રીશ્રી મુરલીધર મોહોલજી, સંસદ સભ્યશ્રી પરષોતમભાઈ રૂપાલાજી, ગુજરાત રાજયના ઉડયનમંત્રીશ્રી બળવંતસિહ રાજપુતજી સમક્ષ રજુઆત કરવામાં આવેલ છે. જેથી વેપાર-ઉધોગકારો અને આમ જનતાને વધારાની સુવિધા મળી રહેશે અને કોઈપણ મુશ્કેલી ભોગવવી નહી પડે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.